ડદિ.કા.અધિ. પરિ. એપેન્ડીક્ષ ડી ફ.–૧) (દિવાની –ક, ૩૭–જહુ. ૨૦, નિ. ૬–૭)

# અસલ હુકમનામું

# નડિયાદના મેં.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજના ન્યાયાલયમાં, મું.નડીયાદ

**સ્પે.દિ.મું. નં. ૭૯/૨૦૧૯**
**આંક :– ૧૪**

<u>વાદી</u> :– **ચંદ્રેશભાઈ જાદવભાઈ ભાનુશાલી**
ઉ.વ. ૪૬, ધંધો : વેપાર
રહે. હરીકુંજ સોસાયટી, મુ.પો.તા. કપડવંજ, જી.ખેડા

**વિરુધ્ધ**

પ્રા.વાદી :–(૧) **જયાબેન જાદવજી ભાનુશાલી**
ઉ.વ. ૭૪, ધંધો : ઘરકામ
રહે : હરીકુંજ સોસાયટી, મુ.પો.તા. કપડવંજ, જી.ખેડા

(૨) **ચેતનભાઈ જાદવજી ભાનુશાલી**
ઉ.વ. ૫૬, ધંધો : ઘરકામ
રહે. શીવ દર્શન સોસાયટી, જયમહારાજની બાજુમાં
આઈ.જી.રોડ, મુ.પો.તા.નડીઆદ, જી.ખેડા

(૩) **ગીરીશકુમાર જાદવજી ભાનુશાલી**
ઉ.વ. ૫૪, ધંધો : ઘરકામ
રહે. ૧૬, પુરૂષોત્તમ નગર સોસાયટી, સીવીલ
હોસ્પીટલ રોડ, નડીઆદ, જી.ખેડા

(૪) **જયપ્રકાશ જાદવજી ભાનુશાલી**
ઉ.વ. ૫૨, ધંધો : વેપાર
રહે. વૃદાવન સોસાયટી, વાણીયાવાડ, કોલેજ રોડ,
મુ.તા.નડીઆદ, જી.ખેડા

(૫) **ધર્મેન્દ્રજી જાદવાજી ભાનુશાલી**
ઉ.વ. ૫૦, ધંધો : વેપાર
રહે. નવાપુરા, કીખલોડ, તા.આંકલાવ, જી.આણંદ

*દાવો દાખલ કર્યા તારીખ ૦૧ લી ઓકટોબર ૨૦૧૯*
*દાવો ફાઈલ કર્યા તારીખ ૦૧ લી ઓકટોબર ૨૦૧૯*

૧. વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના સામાવાળા નં. (૧) અરજદારના માતા થાય છે તથા સામાવાળા નં. (૨) થી (૫) સગા ભાઈઓ થાય છે.

૨. ડીસ્ટ્રીકટ ખેડા સબ ડીસ્ટ્રીકટ કપડવંજ મધ્યે આવેલ સીટી સર્વે નં. ૧૫૫૪ તથા ૬૫૦૬/બ/૧/૩ તથા ૬૫૭૨/૬ વાળી મીલકત અરજદારના પિતા ગુજરનાર પિતા તથા આ કામના સામાવાળા નં. (૧) ના ગુજરનાર પતિ તથા સામાવાળા નં. ૨ થી ૫ ના ગુજરનાર પિતા નામે જાદવજી નેણસિંહભાઈ ભાનુશાલીની સ્વપાર્જિત અને માલીકી કબજો ભોગવટાની આવેલી હતી. અને ગુજ.જાદવજી નેણસિંહભાઈ ભાનુશાલીના વારસોમાં કુલ (૧) ચેતનકુમાર (૨) ગીરીશકુમાર (૩) જયપ્રકાશભાઈ (૪) ધમેન્દ્રભાઈ (૫) ચંન્દ્રેશભાઈ આમ કુલ–૫ દીકરાઓ છે. આ કામના અરજદાર ઉપર તેમના પિતાને પુરેપુરો વિશ્વાસ અને ભરોસો પ્રેમ અને લાગણી હોવાથી તા. ૧૩/૮/૨૦૦૧ ના રોજ ગુજ. જાદવજી નેણસિંહભાઈ ભાનુશાલીનાઓએ ઉપરોકત જણાવેલ તમામ સીટી સર્વે વાળી મીલકતો બાબતે એક વીલ યાને વસીયતનામુ કરી આપેલ અને સદરહું વિલ યાને વસિયતનામાંથી અરજદારને ગુજરનાર જાદવસિંહભાઈ ભાનુશાલીએ તેઓની સ્વપાર્જીત તમામ મિલ્કતોના અરજદારને માલીક ઠરાવેલા છે.અને ત્યારબાદ અન્ય કોઈ વિલ યાને વસિયતનામું કરેલ નથી.

3. ગુજ. જાદવજી નેણસિહભાઈ ભાનુશાલી કપડવંજ ગામે નીચે મુજબની મિલકતો ધરાવતા હતા.

| ક્રમ | ગામનું નામ | સીટી સર્વે નંબર | ક્ષેત્રફળ(ચો.મી) |
|---|---|---|---|
| ૧ | કપડવંજ | ૧૫૫૪ | ૪૦–૯૭–૦૩ |
| ૨ | કપડવંજ | ૬૫૦૬/બ/૧/૩ | ૧૫૦–૨૭–૦૦ |
| | | પૈકી | ૧૧૮–૧૬–૦૦ |
| ૩ | કપડવંજ | ૬૫૭૨/૬ | ૧૪૫૮–૨૧–૭૨ |
| | | | પૈકીમાં નોંધાયેલ ગુજ.ના નામની તમામ મિલકતો |

ઉપર મુજબની તમામ મિલકતો ગુજનારની સ્વપાર્જિત મિલકતો હોવાથી

ગુજનાર જાદવજી નેણસીહભાઈ ભાનુશાલીએ ઉપરોકત મિલકતો વાદીને વિલથી આપેલી હોઈ આ મિલકતોના વાદી માલીક હોવાનું તથા ઉપરોકત તમામ મિલકતોમાં માલીક હકકે કોઈપણ ઈસમની કોઈપણ જાતની રોક ટોક વગર બિન અવરોધ વાદીના કબજા ભોગવટામાં વેપાર ધંધો કરતા હોવાથી વાદીએ તા.૧૩/૦૮/૨૦૦૧ના રોજના વિલ ના આધારે વાદીએ કપડવંજના મે.સીટી સર્વે કચેરીમાં ફેરફાર નોંધ નં. ૮૧૭થી સૌપ્રથમ વારસાઈ કરાવેલી અને એન્ટ્રી ફેરફાર નોંધ નં. ૮૧૮થી સદરહું મિલકતોમાં ગુજ. જાદવજી ભાનુશાલીઓએ કરી આપેલ વીલ યાને વસીયતનામાથી વાદીના નામે સદરહું મિલકતો કરાવેલી. જેથી આ કામના પ્રા.વાદીઓ ૧,૨ તથા ૪,૫ નાઓએ નાયબ કલેકટરશ્રી કપડવંજની સમક્ષ સીટી એસ. અપીલ નં. ૪/૧૩ દાખલ કરેલી જે અપીલમાં વાદી હાજર થયેલા અને આ કામના પ્રા.વાદીઓ નં. ૧ અને ૪ નાઓ પણ તેઓના વકીલશ્રી મારફતે હાજર થયેલા અને નાયબ કલેકટરશ્રીની સમક્ષ નોટરી રૂબરૂ કરેલા સોગંદનામાં રજૂ કરેલા અને આ કામના પ્રા.વાદી નં. ૧નાએ સોગંદનામામાં એવું જણાવેલું કે અપીલમાં તેઓએ કોઈપણ જગ્યાએ સહી અંગુઠા કરેલ નથી. કે સદરહું અપીલ કરવા માટે તેઓએ સંમતિ આપેલ નથી. તથા તેઓ વાદી સાથે રહે છે અને વાદી તેઓનું ભરણપોષણ કરે છે તથા તારીખ ૧૩/૦૮/૨૦૦૧ના રોજનું વિલ યાતે વસિયતનામું સાચું અને ખરૂ છે. તેમ છતાં અરજદારના બીજા દીકરાઓએ આવેશમાં આવી જઈ લોકોની ચઢાવણીથી સદરહું સી.ટી.એસ. અપીલ દાખલ કરેલ છે. જેમાં નાયબ કલેકટરશ્રીએ એવો હુકમ કરેલો કે, જયારે વીલ યાને વસીયતનામાં અંગેની પડેલ ફેરફાર નોંધ નં. ૮૧ ૮ અનરજીસ્ટર્ડ દસ્તાવેજ દવારા પડેલ હોઈ તેમજ સદરહું વાદગ્રસ્ત વીલ બાબતે પક્ષકારો વચ્ચે તકરાર ઉભી થયેલ હોઈ નામદાર સીવીલ કોર્ટ રાહે પ્રોબેટ મેળવવાનું રહે પરંતુ કોઈ પણ પક્ષકાર દવારા વીલ બાબતે સીવીલ કોર્ટમાં કોઈ દાવો કરેલ હોવાનું જણાતુ નથી. નો ઉલ્લેખ કરી નાયબ  કલેકટરશ્રીએ અરજદારની ફેરફાર નોંધ નં. ૮૧૮ નામંજુર કરવાનો હુકમ કરેલો. ત્યાર બાદ અરજદાર ખેડા જીલ્લાના મે. કલેકટર સાહેબની સમક્ષ લેન્ડ રેવન્યુ કોડની કલમ: ૨૦૩ હેઠળ ફેરતપાસ અરજી નં. સી.ટી.એસ./આર.એ./૧૩/૧

૫–૧૬ ની દાખલ કરેલી જે ચાલી જતા કલેકટરશ્રીએ એવો હુકમ કરેલો કે, સદર નોંધ સામે કોઈ વાંધો વિરોધ જણાતો નથી. તથા નોંધ નં. ૮૧૮ એ અન રજીસ્ટર્ડ વીલની છે. પરંતુ સદર વીલ બાબતે પક્ષકારો વચ્ચે તકરાર ઉભી થયેલ છે. જેથી સદર વીલનું પ્રોબેટ મેળવવુ જરૂરી છે. પરંતુ આ બાબતે પક્ષકારોએ દાવો દાખલ કરેલાનું જણાતુ નથી. નો ઉલ્લેખ કરી અરજદારની અપીલ નામંજુર કરેલી. અને ત્યાર બાદ આ કામના સામાવાળા નં. ૨,૪,૫ નાઓએ નામ.કોર્ટમાં રે.દિ.મુ.નં. ૬૪/૨૦૧૬ થી જાથુનો મનાઈ હુકમ તથા અન રજીસ્ટર્ડ વિલ રદ બાતલ ઠરાવવાનો દાવો તા. ૨૯/૦૮/૨૦૧૬ ના રોજ દાખલ કરેલ છે. જેથી તા. ૧૩/૮/૨૦૦૧ ના રોજ કરેલ વીલ અંગે પ્રોબેટ મેળવવા માટે આ અરજી કરવાની જરૂર પડેલ છે.

**દાવાનુ કારણ:–**

ગુજરનાર જાદવજી નેણસીંહભાઈ ભાનુસાલીનાએ ઉપર જણાવેલ મિલકતો બાબતે તા. ૧૩/૮/૨૦૦૧ ના રોજ અરજદારની તરફેણમાં વીલ યાને વસીયતનામું કર્યુ ત્યારથી તેમજ સદર મીલકત અરજદારના નામે કરવા સીટી સર્વે રેકર્ડ દફતરે એન્ટ્રી ફેરફાર નોંધ નં. ૮૧૭ તથા ૮૧૮ પડાવી ત્યારથી તેમજ આ કામના સામાવાળાએ નાયબ કલેકટરશ્રી કપડવંજ સમક્ષ આર.ટી.એસ. અપીલ કરી અને નાયબ કલેકટરશ્રીએ હુકમ કર્યો ત્યારથી તેમજ સદર હુકમ સામે અરજદારે ખેડા જીલ્લાના મે. કલેકટર સાહેબ સમક્ષ ફેરતપાસની અરજી કરી અને તે અરજીમાં નામદાર કલેકટર સાહેબશ્રીએ હુકમ કર્યો અને ત્યારબાદ આ કામના સામાવાળ નં. ૨,૪,૫ નાઓએ નામદાર કોર્ટમાં. રે.દિ.મું.નં. ૬૪/૨૦૧૬ થી દાવો દાખલ કર્યો ત્યારથી દાવાનુ કારણ ઉપસ્થિત છે.

**દાદ :–**

ગુજરનાર જાદવજી નેણસીહભાઈ ભાનુશાલીનાઓએ દાવા અરજીમાં જણાવેલ મીલકતો બાબતે તા. ૧૩/૦૮/૨૦૦૧ ના રોજ અરજદારની તરફેણમાં કરેલ વિલ યાને વસીયતનામું તેમની આખરી વીલ છે તેમ જાહેર કરી સદરહું વીલનું પ્રોબેટ અરજદારના લાભમાં કાઢી આપવા અરજ કરેલ છે.

આ દાવો આજરોજ તા. ૧૪/૦૯/૨૦૨૧ ના રોજ નડીઆદના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ શ્રી એસ.જી.મનસુરી સાહેબ ની રૂબરુ વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી જે.આર.પઠાણ તથા પ્રતિવાદી તરફે વિધ્વાન વકીલ શ્રી કે.સી. પટેલ ની હાજરીમાં **<u>આંક –૧ નીચે</u>** હુકમ કરી એવુ હુકમનામુ કરી આપવામાં આવે છે કે,

**<u>ORDER BELOW EXH.1</u>**

**1.** The present suit has been filed by the plaintiff against the defendants for getting probate under section 276 of Indian Succession Act, on 04.05.2017. At the time of filing of the suit, the plaintiff submitted an application seeking time to affix the deficit court fees tamp of Rs. 70,000/- which was granted by my predecessor Ld. Second Additional Senior Civil Judge. It is ordered that the plaintiff to submit deficit court fee stamp till 11.07.2017. Thereafter, Ld. Advocate for the plaintiff sought adjournment vide exh. 5 on 13.10.2017, which was also granted and thereafter, plaintiff neither submitted deficit court fee stamp of Rs. 70,000/- nor sought any extension.

**2.** On perusal of record, it transpires that plaintiff has failed to affix and/or produce the deficit court fees stamp according to suit valuation and also failed to seek extension to produce the deficit court fees stamp.

**2.1** In view of above facts, it is necessary to consider the relevant provision of Sections 148 and Order-7, Rule-11 (c) of Code of Civil Procedure, 1908 which are as under:

***ORDER VII- PLAINT***

***RULE 11*. *Rejection of plaint*— *The plaint shall be rejected in the following cases:—***

***(a)*** *where it does not disclose a cause of action;*

***(b)*** *where the relief claimed is undervalued, and the plaintiff, on being*

*required by the Court to correct the valuation within a time to be fixed by the Court, fails to do so;*

***(c)*** *where the relief claimed is properly valued, but the plaint is returned upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the Court to supply the requisite stamp-paper within a time to be fixed by the Court, fails to do so;*

***(d)*** *where the suit appears from the statement in the plaint to be barred by any law :*

*[Provided that the time fixed by the Court for the correction of the valuation or supplying of the requisite stamp-paper shall not be extended unless the Court, for reasons to be recorded, is satisfied that the plaintiff was prevented by any cause of an exceptional nature form correcting the valuation or supplying the requisite stamp-paper , as the case may be, within the time fixed by the Court and that refusal to extend such time would cause grave injustice to the plaintiff.]*

***Sec.148.*** *Where any period is fixed or granted by the Court for the doing of any act prescribed or allowed by this Code, the Court may, in its discretion, from time to time, enlarge such period, [not exceeding thirty days in total] even though the period originally fixed or granted may have expired.*

**3.** Taking into consideration, the provision contained in Order-7, R-11 (c) and Sec. 148 of Code of Civil Procedure, it is clear that, if the plaintiff fails to produce the deficit court fees stamp within the prescribed time limit, the suit is not tenable under Order-7, Rule-11(c) of the Code of Civil Procedure. The Court has granted time to remit the deficit court fee stamp but thereafter the plaintiff neither remitted

deficit court fee stamp of Rs. 70,000/- nor seeking extension according to provision. As provided under section 148 of the Code of Civil Procedure, there shall not be extension of more than 30 days. In view of above discussion, the plaintiff failed to comply the order and also failed to produce deficit court fee stamp according to valuation. As discussed above, the suit is also not tenable under Order 7 Rule 11 (c) of the Code of Civil Procedure as the plaintiff has failed to remit the deficit court fee stamp.

**3.1** Looking to the record, it also transpires that the issue was framed vide exh. 13 on 17.12.2019. Since, then until now the plaintiff neither remained present nor produce evidence. Looking to the absence of plaintiff since, the framing of issues, the suit is also required to be dismissed in absence of any evidence. In view of the above discussion, I pass the following order in the interest of justice.

-: **ORDER** :-

The present suit of the plaintiff is hereby rejected under O-7, R-11(c) of the Code of Civil Procedure.

**ખરચનો આંકડો**

| અરજદારને થયેલો | | | સામાવાળાને થયેલો | | |
|---|---|---|---|---|---|
| | રૂા. | પૈસા | | રૂા. | પૈસ |
| ૧. અરજીનો સ્ટાંપ | ૫૦૦૦ | ૦૦ | ૧. સામી– અરજીનો સ્ટાંપ | –– | –– |
| ૨. મુખત્યારનામાનો સ્ટાંપ | ૨ | ૦૦ | ૨. મુખત્યારનામાનો સ્ટાંપ | ૨ | ૦૦ |
| ૩. રજુ કરેલ કાગળોનો સ્ટાંપ | –– | –– | ૩. રજુ કરેલ કાગળોનો સ્ટાંપ | –– | –– |
| કુલ આગળ આપ્યા પ્રમાણે | –– | –– | કુલ આગળ આપ્યા પ્રમાણે | –– | –– |
| ૪. સાક્ષીઓની ખોરાકી | –– | –– | ૪. સાક્ષીઓની ખોરાકી | –– | –– |
| ૫. ફરિયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી | ૧૦૦ | ૦૦ | ૫. પ્લીડરની ફી | ૧૦૦ | ૦૦ |
| સામા દાવા ઉપર પ્લીડરની ફી | –– | –– | પ્લીડરની ફી– સામાદાવા ઉપર | –– | –– |
| ૬. પ્રોસેસ બજાવણી | ૦૦ | ૦૦ | ૬. પ્રોસેસ બજાવણી | –– | –– |
| ૭. કમિશનની ફી | ૦૦ | ૦૦ | ૭. કમિશનની ફી | –– | –– |
| ૮. તરજુમાની ફી | –– | –– | ૮. તરજુમાની ફી | –– | –– |
| ૯. નકલની ફી | –– | –– | ૯. નકલની ફી | –– | –– |
| ૧૦. મુલતવી રાખવા બદલ આપેલા | –– | –– | ૧૦. મુલતવી રાખવા બદલ આપેલા | –– | –– |
| ૧૧. વારસોને દાખલ કરવા બાબતનીઅરજી ઉપરનો સ્ટાંપ | –– | –– | | | |
| કુલ | ૫૧૦૨ | ૦૦ | કુલ | ૧૦૨ | ૦૦ |
| **નહિ આપેલો ખરચ** | | | **નહિ આપેલો ખરચ** | | |
| અરજી ઉપર | –– | –– | સામા દાવા ઉપર | –– | –– |
| પ્લીડરની ફી | –– | –– | પ્લીડરની ફી | –– | –– |
| પ્રોસેસ ઉપર | –– | –– | પ્રોસેસ ઉપર | –– | –– |
| રજૂ કરેલા કાગળો ઉપર (આગળ જૂઓ) | –– | –– | રજૂ કરેલા કાગળો ઉપર (આગળજૂઓ) | –– | –– |
| બાકી | ૫૧૦૨ | ૦૦ | કુલ | ૧૦૨ | ૦૦ |

**આજ તારીખ ૨૨મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યાં.**

વાદીના વકીલ

પ્રતિવાદીના વકીલ

**(એસ.જી.મનસુરી)**
**પ્રિન્સી. સીનીયર સીવીલ જજ,**
**નડિયાદ.**

તૈયાર કરનારઃ– મુકાબલ કરનાર :–

આસી. બેન્ચ કલાર્ક ગ્રેડ–૩

(આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માંહેથી અપીલનો નિકાલ થયા પછી, કોઈપણ દસ્તાવેજ લઈ જવામાં નહી આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર થશે)